SC

[A-41] SEAT No.________ No.of printed pages: 03

SARDAR PATEL UNIVERSITY
T.Y.B.A.(External) Examination
Wednesday,10th April 2019
10 :00 A.M. To 01 : 00 P.M.
GUJ : 309 Gujarati Literature Paper : 9
અપઠિત લેખન-પરિશીલન (Ansin)

કુલ ગુણ : ૧૦૦

નોંધ : જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચે આપેલી પંક્તિનો અર્થવિસ્તાર કરો. (કોઈપણ બે) (૨૦)

(૧) મોટાની લઘુતા જોઈ થાક્યો
નાનાની મોટાઈ જોઈ જીવું છું.

(૨) હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે!

(૩) ફૂલને મારગ સૌ કોઈ ચાલે, કંટક મારગ કોઈ.

(૪) પીળાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં,
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં.

પ્ર.૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૨૦)

આજ,મહારાજા જલ પર ઉદય જોઇને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહધન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા,કેલિકૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા!સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

-કાન્ત

અથવા

[P.T.O] →

પ્ર. ૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૨૦)

તને જોઈ જોઈ તો ય તું અજાણી
(જાણે) બીજને ઝરુખડે ઝૂકી'તી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી....
વ્યોમ ને વસુંધરાની કન્યા કોડામણી,
તું તો છે સંધ્યાની શોભા સોહામણી,
લોચને ભરાય તો ય દૂર દૂર ધામની,
વાયુની લ્હેર સમી અંગને અડી છતાં ય
બાહુને બંધ ના સમાણી....
પોઢેલો મૃગ મારા મનનો મરુવને,
જલની ઝંકોર તારી જગવી ગૈ એહને,
સીમ સીમ રમતી તું ના'વતી જરી કને,
સાબરનાં નીતરેલ નીર તું ભલે હો, આજ
મારે તો ઝાંઝવાંનાં પાણી....

-રાજેન્દ્ર શાહ

પ્ર.૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

મનુષ્યજીવનની અંદર સંવાદિતા લાવવી અનિવાર્ય છે. એ સંવાદિતા કલા દ્વારા પ્રગટે છે. વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાન જેવાં શાસ્ત્રો જે કરી શકતાં નથી તે કલા સ્વાભાવિક રીતે કરે છે; અને એમાંય સાહિત્ય કે જે મનુષ્યના ચિત્ત-ચૈતન્યના સકલ કોષોને સંપૂર્ણપણે ભરી દે છે તે તો સંવાદિતાનું કાર્ય સૌથી સરળ રીતે કરે છે. સાહિત્યનું લક્ષ્ય છે હૃદયનું સંમિલન સાધવાનું. અહીં એ સંમિલન (ટાગોરના શબ્દમાં 'યોગ') જે કેવળ પરમ હેતુ છે. એ રીતે 'આત્માની અમૃત-કલા' રૂપ સાહિત્ય ભાવકના આત્માને કોક ચેતનતત્ત્વનો સ્પર્શ કરાવીને ઉર્ધ્વ માર્ગે દોરી જાય છે.

–મહેન્દ્ર સી. દવે

અથવા

પ્ર. ૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૨૦)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલય જાય છે. એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે. તેમ છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પરંતુ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુને જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચારમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને જ તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જલ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે, એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે, જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે. આપણા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યિકતા વધતી ગઈ, એ વાત કબૂલ કરવી જ પડશે.



[P.T.O] →

-રવીન્દ્રનાથ ટાગોર

પ્ર.૪ નીચેના ગદ્યખંડનો સાર-સંક્ષેપ લખી, યોગ્ય શીર્ષક આપો. (૨૦)

એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુને વધુ જ્ઞાન પ્રાપ્તિ થતી જશે. જ્ઞાન પ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ પોલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે. એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે, ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાણીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

–સ્વામી વિવેકાનંદ

અથવા

પ્ર. ૪ નીચેના ગદ્યખંડનો સાર-સંક્ષેપ લખી, યોગ્ય શીર્ષક આપો. (૨૦)

ઊંડા હૃદયની પ્રાથના કદી નિષ્ફળ જતી નથી. પણ તે દેવ પ્રત્યે હોવી જોઈએ, અસુર પ્રત્યે નહિ. જગત ઊંધું વળી જાઓ, એના નિયમો તૂટી જાઓ, તેજને સ્થાને અંધકાર વ્યાપી રહો, પુણ્યને બદલે પાપ પ્રવર્તો. એવી પ્રાર્થના તે "પ્રભુ! તમે આ વિશ્વમાં ન હો!" એમ કહેવા સમાન છે. એવી પ્રાથના ન સંભળાય તો પ્રભુ સાંભળતો નથી એમ ન કહેવાય, કારણ કે એવી પ્રાથના અસુર પ્રત્યે જ છે, ઈશ્વર પ્રત્યે નથી .એવી ઊલટા પ્રકારની પ્રાથના કદી સંભળાયા વિના રહે નહિ, અને મનુષ્ય-જાતિનો સમગ્ર ઈતિહાસ એનો સાક્ષી છે. જગત પરમાત્માના નિયમથી ચાલો, જગતના અંધારા ખૂણાઓમાં નવાં જ્ઞાનનાં કિરણો પડો, જગતમાં પાપનો ક્ષય થાઓ અને પુણ્યની વૃદ્ધિ પામો-એ જ મનુષ્યજાતિના ઇતિહાસમાં એની ઊંડી ઈચ્છા જોવામાં આવે છે, અને એ જ ઈચ્છા સફળ થઈને મનુષ્ય-જાતિ જંગલી દશામાંથી નીકળી સંસ્કારવાળી દશામાં પગલાં ભરતી જાય છે.

-આનંદ શંકર ધ્રુવ

પ્ર.૫ (અ) કોઈપણ બે સંજ્ઞાઓનો પરિચય આપો. (૦૪)

રૂપમેળ, યતિભંગ, ચરણ, લઘુ-ગુરુ

(બ) કોઈપણ બે છંદનું બંધારણ દૃષ્ટાંત આપી સમજાવો. (૦૮)

શિખરિણી, દોહરો, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા

(ક) કોઈપણ બે અલંકાર ઉદાહરણ સાથે સમજાવો. (૦૮)

શબ્દાનુપ્રાસ, ઉપમા, સજીવારોપણ,અતિશયોક્તિ

=×=